ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૧૮
જી.આઈ.ડી.સી., ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૧૭/૧૨/૨૦૨૨.

# // પરિપત્ર //

**વિષય: નિગમની પ્રવર્તમાન લગત પ્લોટની ફાળવણીની નીતિમાં અંશત: સુધારા બાબત.**

સંદર્ભ: (૧) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/ ૨૧, તા.૧૬.૦૨.૨૦૧૬

(૨) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૯૬, તા.૧૦.૦૭.૨૦૧૭.

(૩) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૦૨, તા.૦૧.૦૧.૨૦૧૯

નિગમની વિવિધ વસાહતો ખાતે ફાળવણીદારોને ફાળવણી કરવામાં આવેલ પ્લોટ સંદર્ભે મોરેટોરિયમ પિરિયડ દરમિયાન હયાત એકમને લગત તરીકે આવેલ (કોમન વોલ) પ્લોટ/શેડની માગણીના સંદર્ભે આમુખમાં દર્શાવેલ નીતિ વિષયક પરિપત્રો મુજબ ફાળવણી કરવાની નીતિ અમલમાં છે.

નિગમની નિયામક મંડળની ૫૧૭મી સભા બાદ રજુ કરવામાં આવેલ સરક્યુલેટીંગ એજન્ડા પરત્વે જારી કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક:૫૨/પ્રિ-વિતરણ/સરક્યુલેટીંગ અન્વયે લગત પ્લોટની ફાળવણીની નીતિમાં નીચે મુજબના સુધારા કરવાના રહે છે.

(૧) નિગમની તમામ વસાહતોમાં મોરેટોરીયમ પિરિયડ દરમિયાન લગત પ્લોટની અરજી આવે ત્યારે અરજદારને તેઓના પ્રોજેકટના વિસ્તરણ સહિતનો ડીટેઇલ પ્રોજેકટ રીપોર્ટ રજૂ કરવાનું જણાવવાનું રહેશે.

(૨) ડીટેઇલ પ્રોજેકટ રીપોર્ટમાં ખરેખર વપરાશની જગ્યાની જરૂરિયાતની ચકાસણી કરવાની રહેશે.

(૩) મળવાપાત્ર બાંધકામ આધારિત અરજદારની વધુ જગ્યાની આવશ્યકતાને ધ્યાને લઈ, વપરાશને ધ્યાને લીધા સિવાય જો તેને ફાળવેલ પ્લોટને લગત પ્લોટ ફાળવણી માટે ઉપલબ્ધ હોય તો તે અરજદાર માટે રીઝર્વ રાખવાનો રહેશે તથા તેમણે રજૂ કરેલા ડીટેઇલ પ્રોજેકટ રીપોર્ટ મુજબ બાંધકામનો સમયગાળો નિગમના નિયમ અનુસારની સમયમર્યાદામાં નિયત કરી તે સમયગાળામાં અરજદારે નકશા મંજૂરીથી બાંધકામ અને વપરાશ સુધીની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

(૪) અરજદાર માટે રીઝર્વ રાખેલ પ્લોટની સમયમર્યાદા નિગમની નીતિ અનુસાર મહત્તમ ૦૫ (પાંચ) વર્ષની રહેશે.

(૫) રીઝર્વ રાખેલ પ્લોટ માટે નિયત ફાળવણી કિંમત નિગમના નિયમ અનુસાર અરજદારે જમા કરાવવાની રહેશે.

(૬) નિયત સમયગાળામાં કિંમત ન ચૂકવવાના કિસ્સામાં અથવા નિયત સમયગાળામાં વપરાશ કરવામાં ન આવે તો સદર હેતુ માટે રીઝર્વ કરેલ પ્લોટનું રીઝર્વેશન રદ કરી પરત લેવાનો રહેશે તેમજ અરજદારશ્રી દ્વારા જમા કરાવેલ નિયત ફાળવણી કિંમત કોઇપણ પ્રકારના વ્યાજ વગર પરત કરવાની રહેશે. જે અંગે અરજદાર પાસેથી બાંહેધરી મેળવવાની રહેશે.

(૭) ઉપરોક્ત સુધારા સિવાયની પ્રવર્તમાન લગત પ્લોટની નીતિઓ યથાવત રહેશે.

સદર જોગવાઈઓ પરિપત્ર જારી થયા બાદના કિસ્સાઓમાં લાગુ કરવાની રહેશે તેમજ અગાઉ નિર્ણય થયેલ કિસ્સાઓને રિ-ઓપન કરવાના રહેશે નહી.

ઉપરોક્ત સુચનાઓનુ તમામ અધિકારીશ્રીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**સહી/-**

**(ડૉ. રાહુલ ગુપ્તા)**

**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

**પ્રતિ,**

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ..........

**નકલ સવિનય રવાના:-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારૂ...

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ...

(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ...

**રવાના કર્યુ:**

**મેનેજર (મહેકમ)**